રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ અન્વયે વાજબી ભાવની દુકાનના સંચાલકોને આપવામાં આવતા ઘઉં અને ચોખાના કમિશનમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ,**

ઠરાવ ક્રમાંક : પીડીએસ/૧૩-૨૦૧૫/૪૪૬૯/ક-૧,

બ્લોક નં. ૧૪, પાંચમો માળ,

સચિવાલય, ગાંધીનગર.

તા. ૧૧/૧૦/૨૦૧૭

વંચાણે લીધો :-

(૧) વિભાગનો તા. ૧૮/૨/૨૦૧૬ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૨) નિયામકશ્રી, અ.ના.પુ. નો તા.૨૧/૯/૧૭ નો પત્ર ક્રમાંક : પીડીએસ/વભદ/કમિશન વધારા/રજુઆત/૪૪૬૩/૨૦૧૭-૧૮

આમુખ :-

ઉકત વંચાણે લીધેલ ક્રમ (૧) ના ઠરાવથી રાજયમાં તા.૧/૪/૧૬ થી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ નો અમલ કરવામાં આવતાં ઉકત ઠરાવના ક્રમ (૮) માં દર્શાવ્યા મુજબ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ વાજબી ભાવની દુકાનના સંચાલકોને કિવન્ટલ દીઠ રૂ. ૭૦/- (ઘઉં અને ચોખા માટે) તથા ક્રમ (૯) મુજબ ઇ.એફ.પી.એસ. પધ્ધતિ હેઠળ ડીવાઇસથી અનાજનું વિતરણ કરે છે તે દુકાનદારને ડીવાઇસનો ઉપયોગ કરવા બદલ ભારત સરકારે નકકી કરેલ કિવન્ટલ દીઠ રૂ. ૧૭/- ચુકવવાનું નિયત કરવામાં આવેલ છે. આમ, રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ અન્વયે વાજબી ભાવની દુકાનના સંચાલકોને ઘઉં અને ચોખાના વિતરણ માટે કિવન્ટલ દીઠ કુલ રૂ. ૮૭/- (રૂ.૭૦+રૂ.૧૭) કમિશન ચુકવવામાં આવે છે.

નિયામકશ્રી, અ.ના.પુ. ના ઉકત વંચાણે લીધેલ પત્ર (૨) અન્વયે વાજબી ભાવની દુકાનના સંચાલકો દ્વારા આપવામાં આવેલ આવેદનપત્રથી કરવામાં આવેલ જુદી-જુદી રજુઆતો સંદર્ભે વાજબી ભાવની દુકાનના સંચાલકોને આપવામાં આવતા કમિશનમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ અન્વયે વાજબી ભાવની દુકાનના સંચાલકોને આપવામાં આવતા કમિશન અંગે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) આ વિભાગના તા.૧૮/૦૨/૨૦૧૬ના સમાનાંકી ઠરાવના ક્રમ નં.(૮)થી નિયત કરેલ ક્વિન્ટલ દીઠ રૂ.૭૦/- (રૂપિયા સિત્તેર) કમિશનને બદલે તેમા રૂ. ૧૫/- નો વધારો કરીને

પ્રતિ ક્વિન્ટલ રૂ. ૮૫ (રૂપિયા પંચાશી) કમિશન ઘંઉ અને ચોખાના વિતરણ માટે ચુકવવાનું રહેશે.

(૨) વિભાગના તા.૧૮/૨/૧૬ ના ઠરાવના ક્રમ (૯) માં દર્શાવ્યા મુજબ ઇ.એફ.પી.એસ. પધ્ધતિ હેઠળ ડીવાઇસથી અનાજનું વિતરણ કરે છે તે દુકાનદારને ડીવાઇસનો ઉપયોગ કરવા બદલ ભારત સરકારે નકકી કરેલ કિવન્ટલ દીઠ રૂ. ૧૭/- ચુકવવાનું નિયત કરવામાં આવેલ છે તે યથાવત રહેશે.

(3) આમ, રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ અન્વયે વાજબી ભાવની દુકાનના સંચાલકોને ઘઉં અને ચોખાના વિતરણ માટે કિવન્ટલ દીઠ કુલ રૂ. ૧૦૨/- (રૂ.૮૫+રૂ.૧૭) કમિશન તા.૧/૧૦/૧૭ થી ચુકવવાનું રહેશે.

(૪) હાલ ચુકવાતા રૂા.૮૭/- પ્રતિ ક્વિન્ટલ દીઠ કમિશન અંગેનું ખર્ચ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના ૫૦ % - ૫૦ % ના ધોરણે ચુકવવાનુ ચાલુ રહેશે. જ્યારે આ ઠરાવથી ચુકવવાના થતા ક્વિન્ટલ દીઠ રૂા. ૧૫/- ના વધારાથી થનાર ખર્ચ રાજ્ય સરકારના ફાળામાંથી ચુકવવાનો રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ તથા વર્ષો વર્ષની અન્ન સલામતી યોજના હેઠળ કરવામાં આવેલ રાજય તથા કેન્દ્ર ફાળાની બજેટ જોગવાઇ હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૩૦/૯/૧૭ ની નોંધથી મળેલ સંમતિ તથા સરકારશ્રીના મળેલ આદેશ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.કે.પટેલ)
સેકશન અધિકારી
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ, ગાંધીનગર.
(૨) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
(૩) સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
(૪) સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ.
(૫) અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી, અમદાવાદ શહેર.
(૬) માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૭) માન.નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૮) સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૯) સર્વે સંસદીય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૧૦) શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
(૧૧) મહિલા અને બાળ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર.
(૧૨) સિસ્ટમ મેનેજરશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ તરફ સદર ઠરાવની નકલ વેબસાઇટ પર મુકવા સારૂ.
(૧૩) શાખા પસંદગી ફાઇલ.